ગાંધીનગર ટુ ડે

# સેન્સેક્સમાં 151 પોઈન્ટનો ઘટાડો

## સેંસેક્સ ઉતારચઢાવ વચ્ચે આખરે ૩૬૩૯૫ની સપાટીએ રહ્યો : નિફ્ટી ઈન્ડેક્સ વધુ ૫૫ પોઈન્ટ ગગડી ૧૦૮૮૯ની સપાટીએ રહ્યો : ઓટો મોબાઈલ અને ફાર્માના શેરમાં વેચવાલી જામી : ક્રૂડની કિંમતમાં પણ ફેરફાર



મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. ઓટો મોબાઈલ અને ફાર્માના શેરોમાં વેચવાલી વચ્ચે બેંચમાર્ક ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યો હતો. સેંસેક્સ ૧૫૧ પોઈન્ટ ઘટીને ૩૬૩૯૫ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ઈન્ડેક્સ ૫૫ પોઈન્ટ ઘટીને ૧૦૮૮૯ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં ૧.૬૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં બેંચમાર્કમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. મિડકેપ ઈન્ડેક્સમાં ૨૧૧ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૪૧૧૮ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨૦૬ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૩૪૫૦ રહી હતી. સન ટીવી નેટવર્કના શેરમાં ૧૦ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો જ્યારે ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન ગ્રેફાઈડ ઈન્ડિયાના શેરમાં ૧૪ મહિનાની નીચી સપાટી જોવા મળી હતી. તેલની કિંમતોમાં ફરી એકવાર ઉથલપાથલ શરૂ થઈ છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત ૦.૪ ટકા ઘટીને ૬૧.૮૪ની સપાટીએ રહી હતી. વર્તમાન એનડીએ સરકારનું અંતિમ સંસદ સત્ર બુધવારના દિવસે પૂર્ણ થઈ રહ્યું છે. ખેડુતો માટે અને મધ્યમ વર્ગ માટે કેટલીક જાહેરાતો થઈ ચુકી છે. સામાન્ય ચુંટણી નજીક છે ત્યારે હજુ પણ વધારાની લોકપ્રિય જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી શકે છે. રિટેલ ફુગાવા અને હોલસેલ ફુગાવાના આંકડા પણ બજારની દિશા નક્કી કરશે. આની જાહેરાત પણ હવે થનાર છે. માસિક ડબલ્યુપીઆઈ ફુગાવાનો આંકડો ડિસેમ્બર મહિનામાં ૩.૮૦ ટકા રહ્યો હતો જે નવેમ્બરમાં ૪.૬૪ ટકા હતો. ફુગાવાના આંકડા હવે જારી થનાર છે. જાન્યુઆરી મહિના માટેના આંકડા પણ આવા જ આશાસ્પદ રહી શકે છે. આરબીઆઈએ હાલમાં જ રેપોરેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. કન્ઝ્યુમર ફુગાવાના આંકડા આવતીકાલે મંગળવારના દિવસે અને હોલસેલ ફુગાવાના આંકડા ગુરૂવારના દિવસે જારી કરાશે. ડિસેમ્બર મહિના માટે ઈન્ડેક્ષ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)ના આંકડા મંગળવારના દિવસે જારી કરાશે. આઈઆઈપી ગ્રોથનો આંકડો નવેમ્બર ૦.૪૭ ટકા રહ્યો હતો. અન્ય પરિબળો પણ છે જેના ઉપર તમામની નજર રહેશે. જેમાં અમેરિકા અને ચીન વચ્ચેની વેપાર મંત્રણાનો સમાવેશ થાય છે. અનેક હેવી વેઈટ કંપનીઓના પરિણામ અને કમાણીના આંકડા જારી કરાયા છે. હવે કોલ ઈન્ડિયા, હિન્ડાલકો, ઓએનજીસી અને સનફાર્માના આંક જારી કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં વિદેશી મૂડીરોકાણકારોએ ઊંચા આર્થિક વિકાસ દરની અપેક્ષા વચ્ચે છેલ્લા છ કારોબારી સેશનમાં ભારતીય ઈક્વિટી માર્કેટમાં ૫૩૦૦ કરોડ રૂપિયા ઠાલવી દીધા છે. વિદેશી મૂડીરોકાણકારો દ્વારા જાન્યુઆરી મહિનામાં ૫૨૬૪ કરોડ રૂપિયા પાછા ખેંચી લધા બાદ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૮ દરમિયાન શેરબજારમાં ૫૮૮૪ કરોડ રૂપિયા ઠાલવ્યા હતા. નવેસરના આંકડા મુજબ એફપીઆઈએ ૧-૮ ફેબ્રુઆરી દરમિયાન ઈક્વિટીમાં ૫૨૭૩ કરોડ રૂપિયા ઠાલવ્યા છે. જ્યારે તેઓએ ડેપ્થ માર્કેટમાંથી ૨૭૯૫ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૮ના ગાળા દરમિયાન મૂડી માર્કેટ ઈક્વિટી અને ડેબ્ટમાં ૧૭૦૦૦ કરોડ રૂપિયા ઠાલવી દેવામાં આવ્યા હતા.

### એક્ઝિક્યુટીવ ક્લાસમાં ભાડુ ૩૫૨૦ રૂપિયા

# વંદે ભારતમાં ચેયરકારનું ભાડુ ૧૮૫૦ રૂપિયા હશે

## દેશમાં સૌથી ઝડપથી દોડનારી ટ્રેન ૧૫મીથી શરૂ કરાશે



નવીદિલ્હી, તા. ૧૧

દેશની સૌથી ઝડપી ટ્રેન ગણાતી ટ્રેન-૧૮ને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આની ઉત્સુકતા પણ વધી રહી છે. અલબત્ત આ ટ્રેનમાં મુસાફરી કરવા માટે વધારે પૈસા ખર્ચ કરવા પડશે. વંદે ભારત એક્સપ્રેસ અથવા તો ટ્રેન-૧૮માં દિલ્હીથી વારાણસી વચ્ચે એસી ચેર કારમાં ભાડુ ૧૮૫૦ રૂપિયા રહેશે જ્યારે એક્ઝીક્યુટીવ ક્લાસમાં ભાડુ ૩૫૨૦ રૂપિયા રહેશે જેમાં કેટરિંગ ચાર્જનો સમાવેશ થાય છે. વિશ્વસનીય સુત્રો દ્વારા આ અંગેની માહિતી આપી છે. વાપસીના ગાળા દરમિયાન ચેરકાર ટિકિટની કિંમત ૧૭૯૫ રૂપિયા રહેશે જ્યારે એક્ઝીક્યુટીવ કારના યાત્રીઓને ૩૪૭૦ રૂપિયા ચુકવવા પડશે. વંદે ભારત એક્સપ્રેસમાં ચેરકારનું ભાડુ શતાબ્દીના ચેરકારની સરખામણીમાં ૧.૫ ગણો છે અને એક્ઝિક્યુટીવ ક્લાસના ભાડા એસી ફર્સ્ટ ક્લાસથી ૧.૪ ગણો વધારે છે. આ સેમી હાઈસ્પીડ ટ્રેનને ૧૫મી ફેબ્રુઆરીના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લીલીઝંડી દર્શાવી શરૂ કરનાર છે. ટ્રેનમાં બે બોગી રાખવામાં આવી છે જેમાં એક્ઝિક્યુટીવ ક્લાસ અને ચેરકારનો સમાવેશ થાય છે. બંને કેટેગરી માટે ભોજનની કિંમત અલગ અલગ રાખવામાં આવી છે. ટ્રેન પોતાની ૭૯૫ કિલોમીટરની યાત્રામાં બે સ્ટેશન કાનપુર અને પ્રયાગરાજમાં રોકાશે. આ માર્ગ ઉપર હજુ સુધી દોડનાર તે સૌથી મોટી ટ્રેન રહેશે. આ યાત્રા ૮ કલાકમાં પૂર્ણ થશે. ધીમે ધીમે ટ્રેન ૧૮ને શતાબ્દીની જગ્યાએ દેશભરમાં શરૂ કરવામાં આવશે. સૌથી પહેલા વારાણસી રુટ ઉપર આ ટ્રેનને દોડાવવાની શરૂઆત કરવામાં આવનાર છે. ટ્રેનમાં મુસાફરી કરતા લોકોમાં ભારે ઉત્સુકતા દેખાઈ રહી છે. આવનાર દિવસોમાં આ ટ્રેન વધારે અસરકારક બનશે.

# કેન્દ્ર સરકારે આરબીઆઈ પાસે ૨૭ હજાર કરોડની માંગણી કરી

ન્યુ દિલ્હી,તા.૧૧

નાણાં મંત્રાલયે ઈંર્ભે પાસે ૨૭,૩૮૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની માંગ કરી છે. રિઝર્વ બેંકે આ મૂડી છેલ્લાં કેટલાક વર્ષથી જોખમ કવર અને અનામત ભંડાર તરીકે રાખી હતી તેવું સૂત્રોએ જણાવ્યું હતું. રિઝર્વ બેંકે ૨૦૧૬ – ૧૭ દરમિયાન જોખમ અને અનામત ભંડારના રૂપે ૧૩,૧૯૦ કરોડ રૂપિયા પોતાની પાસે રાખ્યાં હતા જ્યારે વર્ષ ૨૦૧૭ -૧૮ માં તેણે ૧૪,૧૯૦ કરોડ રૂપિયા રાખ્યાં હતા. આ રીતે **RBI** પાસે કુલ ૨૭,૩૮૦ કરોડની મૂડી જમા છે. સૂત્રોનાં જણાવ્યાં અનુસાર નાણાં મંત્રાલયે પાછલાં નાણાંકીય વર્ષની ક્રેડિટ પર ચાલું નાણાંકીય વર્ષ માટે કેન્દ્રીય બેંક પાસેથી વચગાળાનો વધારાનો લાભ આપવા તેમજ છેલ્લાં બે વર્ષની ફાજલ રહેલી રકમને ટ્રાન્સફર કરવાની માંગ કરી છે. આ મહિનાની શરૂઆતમાં આર્થિક બાબતોના સચિવ સુભાષ ચંદ્ર ગર્ગે જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં સરકારને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી રૂ. ૨૮,૦૦૦ કરોડનું ઈન્ટરિમ ડિવિડન્ડ મળશે તેવી અપેક્ષા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮ -૧૯ માં સરકારને રિઝર્વ બેંક તરફથી ૪૦,૦૦૦ કરોડ રૂપિયા મળી ચુક્યા છે. જો રિઝર્વ બેંકનું કેન્દ્રીય બોર્ડ ઈન્ટરિમ ડિવિડન્ડનાં રૂપે સરકારને ૨૮,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવાની દરખાસ્તને સ્વિકારી લે તો કેન્દ્રીય બેંક દ્વારા ૨૦૧૮-૧૯ માં કુલ ફાજલ ટ્રાન્સફર ૬૮,૦૦૦ કરોડ સુધી પહોંચી જશે.

# આગામી દાયકો પૃથ્વી માટે સૌથી ગરમ સાબીત થશે: હવામાન વિભાગ



લંડન,તા.૧૧

વૈજ્ઞાનિકોનું માનવું છે કે ૨૦૧૪થી ૨૦૨૩ સુધીનો સમયગાળો ૧૫૦ વર્ષમાં સૌથી વધુ ગરમ સાબીત થઈ શકે છે. તેમજ પૃથ્વીવા તાપમાને લઈને પણ અનુમાન લગાવતા વૈજ્ઞાનિકો જણાવે છે કે આગામી પાંચ વર્ષ માટે પૃથ્વીની સપાટીનું વૈશ્વિક તાપમાન ઔદ્યોગિકરણથી પહેલાનાં તાપમાન સ્તરથી એક ડિગ્રી સેલ્સિયસ ઊંચું રહીં શકે છે.

બ્રિટનના હવામાન વિભાગ દ્વારા ભેગા કરવામાં આવેલા આંકડાના આધારે આ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જેમાં વર્ષ ૨૦૧૮ માટે અસ્થાયી આંકડાનું તાજેતરનું પ્રકાશન પણ સામેલ કરવામાં આવ્યું છે. વર્ષિક વૈશ્વિક સરેરાશ તાપમાનના રોકોર્ડ વર્ષ ૧૮૫૦ના સમયથી ઉપલબ્ધ છે. બ્રિટનનના હવામાન વિભાગના ચીફ એમડ સ્કેફ આ વિશે જણાવે છે કે ૨૦૧૫ પ્રથમ વર્ષ હતું જ્યારે વૈશ્વિક વાર્ષિક સરેરાશ તાપમાન ઔદ્યોગીકીકરણથી અગાઉના તાપમાનના સ્તર કરતાં એક ડિગ્રી સેલ્સિયસ વધી ગયું હતું. ત્યાર પછીના ત્રણ વર્ષનું તાપમાન આ જ સ્તરની આસપાસ રહ્યું હતું. વધુમાં સ્કેફે જણાવે છે કે વૈશ્વિક સરેરાશ તાપમાન અત્યારથી માંડીને ૨૦૨૩ વચ્ચે વધતા રહેવાના સંકેત છે, જે સંભવતઃ ૨૦૧૪ના આ દાયકાને ૧૫૦ વર્ષના રેકોર્ડમાં સૌથી ગરમ દાયકો સાબીત કરી શકે છે. જ્યારે વર્ષ ૨૦૧૮ને પણ વિશ્વમાં 'ચોથું સૌથી ગરમ વર્ષ' નોંધવામાં આવ્યું હતું. આ અગાઉ ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭, ૧૬૯ વર્ષના રેકોર્ડમાં ત્રણ સૌથી વધુ ગરમ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જળવાયુ પરિવર્તનના પ્રભાવ માત્ર સપાટીના તાપમાન પુરતા જ મર્યાદિત નથી. જળવાયુ તંત્રનું ગરમ થવું, જળવાયુના અનેક સૂચકોમાં પણ જોવા મળે છે, જે જમીન, વાતાવરણ, મહાસાગર કે બરફાચ્છાદિત વિસ્તારોમાં જોવા મળી રહેલા વૈશ્વિક પરિવર્તનોની સાચી તસવીર રજૂ કરે છે.

# આઈસીસી ટી-૨૦ રેકિંગ: કુલદીપ યાદવ બીજા સ્થાન પર




દુબઈ,તા.૧૧

રવિવારે ટીમ ઈન્ડિયા ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ નિર્ણાયક ટી૨૦ મેચ ગુમાવીને શ્રેણી ૧-૨થી હારીગઈ, પરંતુ ચાઈનામેન કુલદીપ યાદવે પોતાના પ્રદર્શનથી નવી ઉંચાઈ હાસિલ કરી છે. હેમિલ્ટનમાં રમાયેલી સિરીઝની અંતિમ ટી૨૦માં કુલદીપે ૨૬ રન આપીને બે વિકેટ ઝડપી અને આ સાતે તેણે કરિયરની સર્વશ્રેષ્ઠ આઈસીસી રેક્રિંગ હાસિલ કરી લીધી છે. ૨૪ વર્ષનો આ રિસ્ટ સ્પિનર કુલદીપ એક સ્થાનના ફાયદાની સાથે બોલરોના આઈસીસી રેક્રિંગમાં બીજા સ્થાન પર આવી ગયો છે. કુલદીપના ૭૨૮ પોઈન્ટ છે, જ્યારે અફગાનિસ્તાનનો લેગ સ્પિનર રાશિદ ખાન ૭૯૩ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાન પર છે.

ટોપ-૧૦માં ભારતનો બીજો કોઈ બોલર નથી. કુલદીપનો જોડીદાર યુજવેન્દ્ર ચહલ ૬ સ્થાન નીચે આવીને ૧૭માં સ્થાન પર છે, જ્યારે ભુવનેશ્વર કુમાર ૧૮માં સ્થાને છે. બીજીતરફ કુણાલ પંડ્યાએ ૩૯ સ્થાનના ફાયદાની સાથે કરિયર બેસ્ટ ૫૮મી રેક્રિંગ હાસિલ કરવામાં સફળ રહ્યો છે. ભારતના ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્મા ૩ સ્થાનના ફાયદાની સાથે ૭માં અને શિખર ધવન એક સ્થાનના ફાયદા સાથે ૧૧માં સ્થાન પર છે. કેએલ રાહુલ (૧૦માં સ્થાન) ત્રણ સ્થાન નીચે આવી ગયો છે.

# વિશ્વકપ ૨૦૧૯: રહાણે-વિજય શંકર અને પંતને મળી શકે છે તક




ન્યુ દિલ્હી,તા.૧૧

અખિલ ભારતીય પસંદગી સમિચિના ચેરમેન એમએસકે પ્રસાદનું કહેવું છે કે રિષભ પંત, વિજય શંકર અને અંજિક્ય રહાણે વિશ્વકપ માટે પસંદ થનારી ભારતીય ટીમમાં હોઈ શકે છે. આઈસીસી ક્રિકેટ વિશ્વકપ આ વર્ષે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાશે અને ભારતને ટાઈટલનું દાવેદાર માનવામાં આવી રહ્યું છે. પ્રસાદે સ્વીકાર્યું કે પંતે શાનદાર પ્રદર્શન કરીને પસંદગીકારોની મુશ્કેલી વધારી દીધી છે અને વિજયની બેટિંગે વિશ્વકપ માટે પસંદ થનારી ટીમને એક નવો વિકલ્પ આપ્યો છે. એક ન્યૂઝ વેબસાઈટે પ્રસાદના હવાલાથી જણાવ્યું, ચોક્કસ પણે પંત રેસમાં છે. તેણે પસંદગીકારોની મુશ્કેલી વધારી દીધી છે જે એક સારી વાત છે. છેલ્લા એક વર્ષમાં રમતના તમામ ફોર્મેટમાં પંતનું પ્રદર્શન દમદાર રહ્યું છે. અમને થયું કે, તેને પરિપક્વ થવાની જરૂર છે તેથી અમે તેને ઈન્ડિયા-એની દરેક સંભવિત સિરીઝમાં સામેલ કર્યો. પંતે ૨૦૧૮માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ માત્ર ત્રણ વનડે રમી પરંતુ ટેસ્ટ ક્રિકેટ અને ઈન્ડિયા-એ તરફથી કરાયેલા શાનદાર પ્રદર્શનની પ્રસાદે પ્રશંસા કરી હતી. વિશ્વકપ માટે પંતને ભારતીય ટીમમાં બેટ્સમેન તરીકે સામેલ કરી શકાય છે, કારણ કે મહેન્દ્ર સિંહ ધોની અને દિનેશ કાર્તિકના રૂપમાં પસંદગીકારો પાસે વિકેટકીપરનો વિકલ્પ પહેલાથી જ છે. બીજીતરફ ઓલરાઉન્ડર વિજય શંકરે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ટી૨૦ સિરીઝમાં વિરાટ કોહલીની ગેરહાજરીમાં નંબર ત્રણ પર શાનદાર પ્રદર્શન કરતા ટીમમાં પોતાની ઉપયોગિતા સાબિત કરી છે. પ્રસાદે કહ્યું, જેટલી પણ તક મળી તેમાં વિજય શંકરે દેખાડ્યું કે, તેની પાસે આ સ્તર પર રમવાની ક્ષણતા છે. અમે છેલ્લા બે વર્ષથી ઈન્ડિયા-એના દરેક પ્રવાસના માધ્યમથી સારો ખેલાડી બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ પરંતુ અમારે તે જોવાનું છે કે, તે ટીમમાં કઈ રીતે ફિટ થશે. રહાણે પર પ્રસાદે કહ્યું, ડોમેસ્ટિક ક્રિકેટમાં તેણે શાનદાર પ્રદર્શન કર્યું છે. તે વિશ્વકપ માટે પસંદ કરાયેલી ટીમમાં સામેલ થઈ શકે છે.

# IPLમાં રાજસ્થાન રોયલ્સની ટીમ પિંક જર્સીમાં દેખાશે



ન્યુ દિલ્હી,તા.૧૧

આઈપીએલની ભૂતપૂર્વ ચેમ્પિયન ટીમ રાજસ્થાન રોયલ્સ આ સિઝનમાં નવા રંગોમાં દેખાશે. અગાઉની સીઝનમાં ચાહકો તરફથી જોરદાર પ્રતિભાવ મળ્યા પછી, ટીમ ફ્રેન્ચાઈઝીઓએ તેમની ઓળખને ગુલાબી રંગ આપ્યો છે,

જે રાજસ્થાન સાથે ઊંડો સંબંધ ધરાવે છે. રાજસ્થાનની ટીમ આ આઈપીએલમાં પિંક (ગુલાબી) જર્સીમાં જોવા મળશે. આ પરિવર્તન પાછળનું એક કારણ જયપુર ગુલાબી શહેર (પિંક સિટી) તરીકે જાણીતું છે તે પણ છે. ટીમની જર્સી પહેલા વાદળી રંગ હતી.

ફ્રેન્ચાઈઝીએ નિવેદનમાં જણાવ્યું હતું કે જયપુરને ગુલાબી શહેર તરીકે ઓળખવામાં આવે છે, જોધપુર ગુલાબી બલુઆ પથ્થરો માટે પ્રખ્યાત છે. તેમજ ઉદયપુર ગુલાબી આરસપહાણનું ઉત્પાદન કરે છે. તેથી ગુલાબી રંગ આ ટીમ માટે સંપૂર્ણપણે યોગ્ય છે. આનાથી પ્રશંસકોને પણ પોતીકા પણુ લાગશે. બીજી તરફ, ઓસ્ટ્રેલિયાના સુપ્રસિદ્ધ ક્રિકેટર શેન વોર્નને ઈન્ડિયાન પ્રીમિયર લીગના આગામી સત્ર માટે રાજસ્થાન રોયલ્સ માટે ટીમના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની જાહેરાત કરી છે. ઓસ્ટ્રેલિયાના સુપ્રસિદ્ધ ક્રિકેટર શેન વોર્નના નેતૃત્વમાં રાજસ્થાન રોયલ્સએ ૨૦૦૮માં આઈપીએલના પ્રથમ સત્રમાં જીત મેળવી હતી. તેઓ તે સત્રમાં ટીમના મેન્ટર હતા. આ પ્રસંગે પૂર્વ ક્રિકેટરે જણાવ્યું કે હું રોયલ્સ સાથે પરત આવી ઘણો ખુશ છું અને ટીમ તેમજ ચાહકોના સતત મળતા સમર્થન માટે આભારી છું.



### રણબીર સાથેની ફિલ્મ જુલાઈ ૨૦૨૦માં આવશે

# વાણી કપુર પાસે હાલમાં બે ફિલ્મો : ઘણી નવી ઓફરો

## રિતિક રોશન અને ટાઈગરની સાથે ફિલ્મમાં નજરે પડશે

મુંબઈ,તા. ૧૧

અભિનેત્રી વાણી કપુરને સારી ફિલ્મોની ઓફર કરવામાં આવી રહી હોવા છતાં તે ફિલ્મો સાઈન કરી રહી નથી. જો કે તે રિતિક રોશન અને ટાઈગર શ્રોફની સાથે એક ફિલ્મમાં નજરે પડનાર છે. જેનુ નામ હજુ જાહેર કરવામાં આવ્યુ નથી. હવે તે અન્ય એક ફિલ્મ પણ સ્વીકારી ચુકી છે. જે રણબીર કપુર સાથે છે. શમશેરા નામની ફિલ્મમાં રણબીર સાથે તે દેખાશે. આ ફિલ્મનુ શુટિંગ હાથ ધરવામાં આવ્યુ છે. આ ફિલ્મને ૩૧મી જુલાઈ ૨૦૨૦ના દિવસે રજૂ કરવામાં આવનાર છે.વાણી કપુરની પાસે હાલમાં કેટલીક ફિલ્મોની ઓફર સતત આવી રહી છે. જો કે તે સાવધાની પૂર્વક આગળ વધી રહી છે. તે પોતાની છાપ એક પ્રકારની ફિલ્મમાં રાખવા માટે તૈયાર નથી. વાણી કપુર ટાઈગર સાથેની ફિલ્મને લઈને આશાવાદી છે. વાણી માત્ર કોઈ એક ભાષા સુધી મર્યાદિત રહેવા માંગતી નથી. તે તમિળ અને તેલુગ ફિલ્મો પણ વધારે પ્રમાણમાં કરવા માટે ઈચ્છુક છે. તે ચર્ચામાં રહેવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. નિર્માતા નિર્દેશકોનુ ધ્યાન દોરવાના તેના પ્રયાસો સફળ થઈ શકે છે. તે વધારે બોલ્ડ અને સેક્સી ફોટો પણ રજૂ કરી રહી છે. તે મોટા સ્ટાર સાથે કામ કરવાનુ સપનુ ધરાવે છે. બોલિવુડની ફિલ્મોમાં ટકી રહેવા માટે તે વધારે સ્લીમ દેખાવવા માટે પ્રયાસ કરી રહી છે. આગામી દિવસોમાં મોટા અભિનેતાઓ સાથે કામ કરવાની તક મળી જશે તેવો આશાવાદ તે ધરાવે છે. પટકથામાં હાલ તે અભ્યાસ કરી રહી છે. તેની પાસે કેટલીક ફિલ્મોની ઓફર આવી છે. વાણી કપુર એક્શન ફિલ્મ માટે વધારે ફિટ અભિનેત્રી હોવાનો દાવો નિર્માતા કરે છે.

### શર્લિનના જન્મદિવસે ચાહકોએ શુભેચ્છા આપી

# શર્લિન ચોપડા બોલ્ડ ઈમેજના લીધે જાણીતી રહી છે : રિપોર્ટ

## સેક્સી ચર્ચાસ્પદ સ્ટાર શર્લિન પ્લેબોય મેગેઝીનમાં ન્યુડ ફોટાઓ આપી ચુકી : પેઈડ સેક્સ પણ કરી ચુકી :રિપોર્ટ



મુંબઈ,તા. ૧૧

ન્યુડ ફોટાઓ અને બોલ્ડ નિવેદનના કારણે સતત ચાહકોમાં અને સોશિયલ મિડિયામાં ચર્ચામાં રહેલી શર્લિન ચોપડાના જન્મદિવસે ચાહકોએ તેને આજે શુભેચ્છા પાઠવી હતી. શર્લિન ચોપડા બોલ્ડ પર્સનાલિટી માટે જાણીતી રહી છે. પૈસા માટે તે વિશ્વના જાણીતા પુખ્તવયના મેગેઝિન પ્લેબોયમાં ન્યુડ ફોટો આપી ચુકી છે. આવી જ રીતે પેઈડ સેક્સ માણી ચુકી હોવાન વાત કરીને શર્લિન ચોપડા વિતેલા વર્ષોમાં ભારે ચર્ચા ચાહકોમાં જગાવી ચુકી છે. જો કે મોડેથી શર્લિન ચોપડાએ કહ્યુ હતુ કે હવે તે પેઈડ સેક્સ માટે ઉપલબ્ધ નથી. ભારતના લોકપ્રિય શો બિગ બોસમાં પણ તે ભાગ લઈ ચુકી છે. ૧૧મી ફેબ્રુઆરીના દિવસે તેના જન્મદિવસે ચાહકોએ શુભેચ્છા આપી હતી. શર્લિન ચોપડા કેટલીક બોલિવુડ ફિલ્મો કરી ચુકી છે. જો કે તે ફિલ્મમાં વધારે લોકપ્રિયતા મેળવી શકી નથી. તે સોશિયલ મિડિયામાં પોતાના બોલ્ડ ફોટાઓના કારણે હમેંશા ચર્ચામાં રહી છે. એક નિર્માત્રી, એક મોડલ અને અભિનેત્રી તરીકે તે રહી છે. વર્ષ ૨૦૧૨માં પ્લેબોય મેગેજિનમાં તે ન્યુડ ફોટાઓના કારણે ચર્ચામાં આવી હતી. એ વખતે તે પ્લેબોય મેગેઝિનમાં ન્યુડ ફોટાઓ આપનાર પ્રથમ ભારતીય મહિલા બની હતી. એ વખતે તેની ચર્ચા બોલિવુડની સાથે સાથે દેશભરમાં રહી હતી. પ્લે બોય પુખ્યવયના લોકો માટેના લોકપ્રિય મેગેઝિન તરીકે છે. જે દુનિયામાં સૌથી વધારે લોકપ્રિય મેગેજન તરીકે છે. શર્લિન ચોપડાના જન્મદિવસે તેના લાખો ચાહકોએ તેને શુભેચ્છા પાઠવી હતી. તે જુદા જુદા પ્રોજેક્ટોને લઈને હજુ વ્યસ્ત બનેલી છે. હાલના વર્ષોમાં શર્લિન ચોપડા ઓછી ચર્ચામાં રહી છે.